જાહેરનામુ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૩૪ /૨૦૧૮ તા.૮/૧૦/૨૦૧૮

આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ અને વાહનોમાં જતાં આવતા ઈસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રીની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસ દાયક કૃત્યોથી લોકોને અડચણ/ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શક્યતા રહે છે.તેમજ કોઈ વ્યક્તિ,જાહેર જનતાને કે બહુજન સમુદાયને હાનિ,ભય અથવા ત્રાસ પહોચે તેવું અથવા સાર્વજનિક અધિકાર ભોગવવા સમયે વ્યક્તિને જે કૃત્યથી હાનિ,ભય,અડચણ કે ત્રાસ થાય તેવું કૃત્ય થતું અટકાવવું જરુરી છે.અને જાહેર ઉપદ્રવ થતો અટકાવવો જરુરી છે.અને જાહેર સ્થળે અશ્લીલ કૃત્યો કરતા અથવા અશ્લિલ ગીતો ગાય,સંભળાવે,અશ્લીલ શબ્દો ઉચ્ચારે,ઈશારા કરે વિગેરે કૃત્યો થતા અટકાવવા જરુરી છે.તેમજ જાહેર જનતા,સિનિયર સિટીઝન,દર્દી,શિક્ષણ લેતા બાળકો તેમજ આજુબાજુ રહેતી જાહેર જનતાને અગવડ પડે તેવા કૃત્યો થતા અટકાવવા જરુરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૨૬૮,૨૯૦,૨૯૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭,૩૮ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારુ માનવું છે.

આથી હું એ.કે.સિંઘ,પોલીસ કમિશનર,અમદાવાદ શહેર,ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૨૬૮,૨૯૦,૨૯૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭,૩૮ હેઠળ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા:૧૦/૧૦/૨૦૧૮ થી તા:૧૮/૧૦/૨૦૧૮ દરમ્યાન કોઈપણ વ્યક્તિએ કોઈપણ જાહેર જગ્યાએ આવતા જતા રહાદારીઓ કે વાહનોમાં જતા આવતા શખ્શો યા ઈસમો પાસેથી નવરાત્રી અને દશેરા અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહીં તેમજ જાહેર સ્થળે નવરાત્રીની ઉજવણી દરમ્યાન કોઈ અશ્લિલ અરુચિકર કે ત્રાસદાયક દેખાય તેવા કૃત્યો કરવા નહીં.અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહીં. તેમજ કોઈ વ્યક્તિ,જાહેર જનતાને કે બહુજન સમુદાયને હાનિ,ભય અથવા ત્રાસ પહોચે તેવું અથવા સાર્વજનિક અધિકાર ભોગવવા સમયે વ્યક્તિને જે કૃત્યથી હાનિ,ભય,અડચણ,ત્રાસ કે જાહેર ઉપદ્રવ થાય તેવું કૃત્ય કરવું નહીં.જાહેર સ્થળે અશ્લીલ કૃત્યો,અશ્લિલ ગીતો ગાય,સંભળાવી,અશ્લીલ શબ્દો ઉચ્ચારી,ઈશારા વિગેરે કૃત્યો કરવા નહીં.તેમજ જાહેર જનતા,સિનિયર સિટીઝન,દર્દી,શિક્ષણ લેતા બાળકો તેમજ આજુબાજુ રહેતી જાહેર જનતાને અગવડ પડે તેવા કૃત્યો કરવા નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર ધી ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૧૮૮ તથા કલમ- ૨૬૮,૨૯૦,૨૯૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫,૧૩૬ મુજબ શિક્ષાને પાત્ર થશે. ધી ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૧૮૮ નો ગુન્હો ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીજી/૩૫૬/એસીબી-૧/સીએલએ /૧૦૮૯ /૧૯૭૨૬ તા:૧૮/૧૨/૭૯થી એક પોલીસ અધિકારનો અને બિનજામીન લાયક ગુન્હો જાહેર થયેલ છે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો,આકાશવાણી કે દુરદર્શન ઉપરથી જાહેરાતો કરાવવી.

આજ રોજ તારીખ : ૮/૧૦/૨૦૧૮ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૮/૧૦/૨૦૧૮

અમદાવાદ શહેર.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)

પોલીસ કમિશનર

અમદાવાદ શહેર.